## ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર

## તા. ૦૧.૦૫.૨૦૨૪ના રોજ યોજાયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની ૩૪મી બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ ખાતે આજે તા. ૦૧.૦૫.૨૦૨૪ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કાઉન્સીલની ૩૪મી બેઠક મળેલ હતી.

| સભ્યનું નામ | હોદ્દો | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ડો. કલ્પેશ પાઠક, કુલપતિશ્રી, આઇ.આઇ.ટી.ઇ., | અધ્યક્ષ | હાજર |
| અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્ય | ગેરહાજર |
| અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્ય | ગેરહાજર |
| કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય | સભ્ય | ગેરહાજર |
| ડો. એચ. બી. પટેલ, પ્રોફેસર એન્ડ ડીન, સ્કૂલ ઓફ એજ્યુકેશન, સેન્ટ્રલ યુનિ. ઓફ ગુજરાત, ગાંધીનગર | સભ્ય | હાજર |
| ડો. નલિની પાટિલ, આચાર્ય, એસ.એન.ડી.ટી. કોલેજ ઓફ એજ્યુકેશન, પુના | સભ્ય | હાજર |
| ચેરમેન, ગુજરાત સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી એજુકેશન બોર્ડ, ગાંધીનગર. | સભ્ય | ગેરહાજર |
| ડાયરેક્ટર, ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ, ગાંધીનગર. | સભ્ય | ગેરહાજર |
| ડો. દિવ્યા શર્મા, ડાયરેક્ટર, સેન્ટર ઓફ એજ્યુકેશન, આઈ.આઈ.ટી.ઇ. | સભ્ય | હાજર |
| ડો. સોનલ થરેજા, ડાયરેકટર, સેન્ટર ઓફ ટ્રેનીંગ, આઈ.આઈ.ટી.ઇ. | સભ્ય | હાજર |
| શ્રી વિઠ્ઠલ પટેલ, ચીફ એકાઉન્ટ ઓફિસર, આઈ.આઈ.ટી.ઇ. | સભ્ય | હાજર |
| ડો. હિમાંશુ પટેલ, રજીસ્ટ્રાર, આઇ.આઇ.ટી.ઈ. | સભ્યસચિવ | --- |

મિટિંગની શરૂઆતમાં માન. અધ્યક્ષશ્રી દ્વારા યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સીલની આ ખાસ બેઠકમાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું. માન. અધ્યક્ષશ્રીની સૂચનાથી આ ખાસ સભાનો એજન્ડા ડો. હિમાંશુ પટેલ, રજીસ્ટ્રારને લગત હોવાથી તેમને આ બેઠકમાં ગેરહાજર રાખવામાં આવેલ, તે બાબતની ઉપસ્થિત સભ્યો દ્વારા નોંધ લેવામાં આવી અને આ નિર્ણયને અનુમોદન આપવામાં આવ્યું. ત્યાર બાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું.

એજન્ડા-1. તા.૨૦/૦૪/૨૦૨૪ના કુલપતીના કાર્યાલયના પત્ર ક્રમાંક : ૧૭૩૩ અન્વયે ડો. હિમાંશુ પટેલ, રજીસ્ટ્રાર, આઈ.આઈ.ટી.ઇ.ની કુલસચિવની જવાબદારીઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી આ જવાબદારી ડો. મુકેશ પટેલ, નિયામક, શારીરિક શિક્ષણ અને રમતગમત, આઈ.આઈ.ટી.ઇ.ને સાંભળી લેવા આદેશ કરવામાં આવ્યો હતો. આજ પ્રકારનો પુનઃ આદેશ તા. ૨૩.૦૪.૨૦૨૪ના કુલપતીના કાર્યાલયના પત્ર ક્રમાંક : ૧૭૪૯થી કરવામાં આવ્યો હતો. આ આદેશ સંદર્ભમાં ડો. હિમાંશુ પટેલે તા. ૨૪.૦૪.૨૦૨૪ના રોજ કુલપતિશ્રી, આઈ.આઈ.ટી.ઇ.ને સંબોધીને પત્ર લખેલો છે, જેમાં તેમણે તેમની અગાઉની રાજ્ય સરકારની પ્રાધ્યાપકની જગ્યા પર પરત ફરવા માટે આઈ.આઈ.ટી.ઇ. ખાતેથી ફરજમુક્ત કરી આપવા વિનંતી કરેલી છે.

ઉપરોક્ત બાબત ચર્ચા હેતુ રજૂ.

1/05/24



CamScanner

ઠરાવ-1 ડો. હિમાંશુ પટેલ ની તા. 24/04/2024ની અરજી ધ્યાને લેતા તેઓએ સ્વેચ્છાએ ફરજમુક્ત થવા અરજી કરી હોવાથી એક્ઝિક્યુટિવ કાઉન્સીલ નીચેની બાબતોની નોંધ લઈ ડો. પટેલની તા. 24/04/2024 ની અરજીનો સ્વીકાર કરે છે, જેમાં તેઓએ તાત્કાલિક અસરથી ફરજમુક્ત થવા વિનંતી કરેલ છે. આથી તેમની વિનંતી અનુસાર ડો. પટેલને તેમની અગાઉની રાજ્ય સરકારની પ્રાધ્યાપકની જગ્યા પર પરત ફરવા હેતુ આઈ.આઈ.ટી.ઇ. ના રજિસ્ટ્રારના પદેથી ફરજમુક્ત કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હેતુ નીચેના દસ્તાવેજો સંદર્ભ તરીકે નોંધવામાં આવે છે.

૧. ડો. હિમાંશુ પટેલે તા. ૨૪.૦૪.૨૦૨૪ના રોજ કુલપતિશ્રી, આઈ.આઈ.ટી.ઇ.ને સંબોધીને લખેલો પત્ર.

૨. ડો. હિમાંશુ પટેલની આઇ.આઈ.ટી.ઇ. ખાતે રજીસ્ટ્રારની જગ્યા પર નિમણૂકને બહાલી આપતો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનો તા. ૧૪.૦૨.૨૦૨૦નો પત્ર નં. ૧૨૨૦.

૩. ડો. હિમાંશુ પટેલની આઈ.આઈ.ટી.ઇ. ખાતે રજિસ્ટ્રારની જગ્યા પર નિમણૂક હેતુનું તા. ૧૭.૦૨.૨૦૨૦નું જાહેરનામું નં. ૧૮૬૮.

ઉપરોક્ત સંજોગોમાં ડો. પટેલ તેમની અગાઉની રાજ્ય સરકારની પ્રાધ્યાપકની જગ્યા પર પરત ફરતા હોવાથી તેમના તા. ૧૭.૦૨.૨૦૨૦ના નિમણૂંકપત્રની શરત નં. ૧૬ અનુસારનો નોટિસ પિરિયડ વેવ કરવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, ડો. પટેલના ફરજમુક્ત થયા બાદ ખાલી પડતી રજિસ્ટ્રારની જગ્યા પર જવાબદારી સોંપવાની સત્તા એક્ઝિક્યુટિવ કાઉન્સીલ દ્વારા કુલપતિશ્રી, આઈ.આઈ.ટી.ઇ. ને આપવાનું ઠરાવવામાં આવ્યું.

અંતમાં ઉપસ્થિત અધ્યક્ષશ્રી અને તમામ સભ્યોના આભાર સાથે સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.

01/05/2024
ડો. એચ. બી. પટેલ, સભ્ય

1/5/24.
ડો. નલિનશ્રી પાટિલ, સભ્ય

01/05/2024
ડો. દિવ્યા શર્મા, સભ્ય

01/05/24
ડો. સોનલ થરેજા, સભ્ય

1/5/2024
શ્રી વિઠ્ઠલ પટેલ, સભ્ય

1/05/24
ડો. કલ્પેશ પાઠક, અધ્યક્ષશ્રી
એક્ઝિક્યુટિવ કાઉન્સીલ

તા. 01.05.2024



CamScanner